**તારીખ : ૦૮/૧૧/૨૦૨૩**

**વિષય : તા.૨૦/૧૧/૨૦૨૩ના જનરલ બોર્ડમાં સભ્યશ્રીદ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ**

**સભ્યશ્રીનું નામ : શ્રીમતી ભાનુબેન સોરાણી, કોર્પોરેટરશ્રી વોર્ડ નં. ૧૫, રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ**

| પ્રશ્ન ક્રમ | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|
| ૨(૧) | શહેરમાં ૬ માસમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાની કેટલા કેસો આવ્યા ? | રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં મે-૨૦૨૩ થી ઓક્ટોબર-૨૦૨૩ સુધીમાં નોંધાયેલ પોઝીટીવ કેસની વિગત નીચે મુજબ છે.<br>❖ મચ્છરજન્ય રોગચાળાની વિગત<br>• મેલેરિયા - ૨૮<br>• ડેન્ગ્યુ - ૧૨૫<br>• ચિકનગુનિયા - ૬૮<br>❖ પાણીજન્ય રોગચાળાની વિગત<br>• ઝાડા-ઉલટી – ૩૮૦૩<br>• ટાઈફોઈડ – ૧૩<br>• કમળો – ૦<br>• મરડો – ૦ |
| | છેલ્લા ૬ માસમાં કેટલા મૃત્યુ થયા હોય તેની વિગત આપવી ? | રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં મે-૨૦૨૩ થી ઓક્ટોબર-૨૦૨૩ સુધીમાં મચ્છરજન્ય રોગચાળામાં-ડેન્ગ્યુંમાં ૧ એક મરણ નોંધાયેલ છે. |

આરોગ્ય શાખા

આરોગ્ય અધિકારી
રાજકોટ મહાનગરપાલિકા

રા.મ્યુ.કો./ટી.પી./જા.નં. : ૨૯૧૨ તા.૦૬/૧૧/૨૦૨૩

<u>વિષય : તા.૨૦/૧૧/૨૦૨૩ ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજૂ કરેલ પ્રશ્નનો જવાબ</u>

<u>સભ્યશ્રીનું નામ : શ્રી ભાનુબેન પ્રવિણભાઈ સોરાણી</u>

| પ્રશ્ન ક્રમ | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|
| ૨(૨) | • સર્વેશ્વર ચોકમાં વોંકળાનો સ્લેબ તૂટી પડવાની ઘટનામાં અત્યાર સુધીમાં જે પણ તપાસ થઇ હોય તે તપાસ રીપોર્ટ આપવો. | ▪ સર્વેશ્વર ચોકમાં વોંકળાનો સ્લેબ તૂટી પડવાની ઘટના બાદ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પોલીસ વિભાગમાં ફરિયાદ કરવામાં આવેલ છે. જે અન્વયે પોલીસ તપાસ હાલ ચાલુ છે. |
| | • જે જગ્યાએ સ્લેબ તુટ્યો છે તે જગ્યા કોની માલિકી છે અને મનપાની માલિકીની જગ્યા હોય તો અત્યાર સુધી શા માટે તેમાં પર સીડી અને ઓટલાનું દબાણ હતું. એક પણ વખત દબાણની નોટીસ અપાય હતી કે કેમ ? | ▪ જે જગ્યાએ સ્લેબ તુટ્યો છે તે જગ્યાની માલિકી વોંકળા પૈકીની છે. જેના પર સીડી તથા ઓટલાનું દબાણ નથી. |
| | • સ્લેબ તુટ્યો તેની ગુણવતા કેવી હતી અને તે તૂટ્યા મામલે જવાબદાર કોણ, બિલ્ડર કે પછી મનપાના અધિકારીઓ? | ▪ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અત્રેના એમ્પેનલમેન્ટ સ્ટ્રકચરલ કન્સલ્ટન્ટશ્રી કસાડ કન્સલ્ટન્ટ - અમદાવાદને તા.૨૫/૦૯/૨૦૨૩ થી સર્વેશ્વર ચોકના વોંકળાના દુર્ઘટનાથી ક્ષતિગ્રસ્ત થયેલ સ્લેબ તથા લાગુ અન્ય વોંકળા પૈકીના સ્લેબનું સ્ટ્રકચરલ ઇન્સ્પેકશન કરી રીપોર્ટ રજુ કરવા અત્રેથી જણાવવામાં આવેલ. જે અન્વયે તેઓ દ્વારા સદરહુ સ્લેબની ડીઝાઇન Available ન હોય, માટે કોઈ ચોક્કસ Comparative કારણો બતાવી શકાયેલ નથી પરંતુ વોંકળાના રસ્તા પરના સ્લેબ કરતા Thickness ઓછી હોય, સ્ટ્રકચર ખુબ જુનું હોય તથા Overloading & Spalling, Delamination, Rusting વિગેરે બાબતો ગુણવત્તા સંબંધે જણાવેલ છે. |
| | • સ્લેબ તુટ્યો તે સ્થળે હવે મનપા શું કાર્યવાહી કરશે ? વોંકળા પર જ કોમ્પલેક્ષ દુકાનના દબાણની ખરાઈ તેમજ આગળની કાર્યવાહી જણાવવી. | ▪ સ્થાનિકે અત્રેથી અગાઉ આપવામાં આવેલ મંજુરી મુજબની કાર્યવાહી કરવામાં આવશે તેમજ કોમ્પ્લેક્ષના બાંધકામની જે તે સમયે રાજકોટ મહાનગરપાલિકાની મંજુરી મેળવવામાં આવેલ છે. |